# જોખમનું મૂલ્યાંકન (રિસ્ક અસેસમેન્ટ) મારે કેવી રીતે કરવું? (How do I carry out a risk assessment?)

જોખમના મૂલ્યાંકન (રિસ્ક અસેસમેન્ટ)માં કામના કોઈ પણ વાતાવરણમાં હાજર રહેલા અથવા વ્યાપારિક પ્રવૃત્તિઓ કે કામની પ્રવૃત્તિઓમાંથી ઊભા થતા મહત્વના ખતરા ઓળખવાનો સમાવેશ થવો જોઈએ.

તેમાં હાલમાં લેવામાં આવી રહેલાં સાવચેતીનાં પગલાં અને તેની અસરકારકતાને ધ્યાનમાં રાખીને કેટલા પ્રમાણમાં જોખમ સંકળાયેલું છે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

ખતરો એટલે કે જેનાથી કોઈ ઈજા થવાની સંભાવના હોય (આમાં વસ્તુઓ, પદાર્થો, પ્લાન્ટ કે મશીનો, કામની પદ્ધતિ, કામનું વાતાવરણ અને કામની ગોઠવણીનાં અન્ય પરિબળોનો સમાવેશ થઈ શકે);

જોખમ એટલે કે જે ખતરો હોવાનું ખ્યાલમાં હોય તેનાથી સંભવિત ઈજા થવાની શક્યતા. જોખમના પ્રમાણનો આધાર નીચેની બાબતો પર રહેલો હશેઃ

- તે ઈજા થવાની કેટલી શક્યતા છે;
- તે ઈજા કેટલી ગંભીર હોવાની સંભાવના છે, એટલે કે તેના પરિણામે થઈ શકે તેવી કોઈ ઈજા અથવા આરોગ્ય ઉપર વિપરિત અસર; અને
- તે ખતરાની જેમને અસર થઈ શકે તે લોકો, એટલે કે તે ખતરાનો કેટલાં લોકોએ સામનો કરવો પડે છે.

મફત પત્રિકા 'Five steps to risk assessment', આ પ્રક્રિયાને પાંચ તબક્કામાં વહેંચે છેઃ

**પગલું 1 - ખતરા શોધો**

જો તમે પોતે જ મૂલ્યાંકન કરી રહ્યાં હો, તો તમારા કામની જગ્યાએ ચાલીને હરીફરીને જુઓ અને શેનાથી ઈજા થવાની વાજબી સંભાવના ઊભી થઈ શકે તેમ છે તેનું નવેસરથી નિરીક્ષણ કરો. નજીવી બાબતો ઉપર બહુ ધ્યાન આપવાને બદલે ગંભીર ઈજા કરી શકે અથવા અનેક લોકોને અસર કરી શકે તેવા મોટા ખતરા ઉપર ધ્યાન કેન્દ્રિત કરો.
તમારાં કામદારો અથવા તેમના પ્રતિનિધિઓને પૂછો કે તેઓ શું વિચારે છે. તેમણે કદાચ એવી બાબતો નોંધી હોય જે તાત્કાલિક ન દેખાતી હોય. ઉત્પાદકોની સૂચનાની પત્રિકાઓ અથવા વિગતોનાં કાગળોથી પણ તમને ખતરા શોધવામાં અને જોખમને ખરેખરી દ્રષ્ટિથી જોવામાં મદદ મળી શકે. તેવી જ રીતે અકસ્માતો અને બીમારી વિશે કરવામાં આવેલી નોંધો પણ મદદરૂપ નીવડી શકે.

**પગલું 2 - કોને ઈજા થઈ શકે તેમ છે, અને કેવી રીતે તે નક્કી કરો**

આ ભૂલશો નહિઃ
નાની ઉંમરનાં કામદારો, તાલીમાર્થીઓ, નવી બનેલી માતાઓ અને સગર્ભા સ્ત્રીઓ વગેરે ઉપર ખાસ જોખમ હોઈ શકે, સફાઈ કામદારો, મુલાકાતીઓ, કોન્ટ્રાક્ટરો, જાળવણીનું કામ કરનારાં કામદાર વગેરે લોકો કદાચ દરેક સમયે કામની જગ્યાએ હાજર ન હોય, જાહેર જનતાનાં લોકો અથવા તમે જેમની સાથે તમારા કામની જગ્યા વહેંચીને વાપરતાં હો તે લોકો, તમારા કામની પ્રવૃત્તિઓથી તેમને કદાચ ઈજા પહોંચી શકે એવી શક્યતા છે કે કેમ.

**પગલું 3 - જોખમોની મૂલવણી કરો અને હાલમાં લેવામાં આવી રહેલાં સાવચેતીનાં પગલાં પૂરતાં છે કે હજુ વધારેની જરૂર છે તે નક્કી કરો**

વિચારી જુઓ કે દરેક ખતરો ઈજાનું કારણ બની શકે એવી કેટલી શક્યતા છે. આનાથી એ નક્કી કરી શકાશે કે જોખમ ઓછું કરવા માટે તમારે હજુ વધારે પગલાં લેવાની જરૂર છે કે નહિ.

- શું હું ખતરાનો સમૂળગો જ નિકાલ કરી શકું?
- જો નહિ, તો હું જોખમ ઉપર કેવી રીતે કાબૂ રાખી શકું જેથી ઈજા થવાની શક્યતા ન રહે? જોખમોને કાબૂમાં લેતી વખતે, નીચેના સિદ્ધાંતોનો ઉપયોગ કરો, જો શક્ય હોય તો નીચેના જ ક્રમમાં તે વાપરોઃ
    1. કોઈ ઓછો જોખમી વિકલ્પ અજમાવી જુઓ

2. ખતરા સુધી લોકો ન પહોંચે તેમ કરો (દા.ત. આસપાસ જાળી મૂકીને)
3. ખતરાનો સામનો ઓછો કરવો પડે તેવી રીતે કામની ગોઠવણી કરો
4. અંગત સુરક્ષાનાં સાધનો આપો
5. આરોગ્ય જાળવણીની સુવિધાઓ પૂરી પાડો (દા.ત. પ્રદૂષણ કાઢવા માટે હાથ વગેરે ધોવાની સગવડો અને પ્રાથમિક સારવારની સગવડ)

**પગલું 4 - તમને જાણવા મળેલી વિગતોની નોંધ કરો**

જો તમારે ત્યાં પાંચ કરતાં ઓછાં કામદારો હોય તો તમારે કશું લખવાની જરૂર નથી, જો કે તમે શું કર્યું છે તેની લેખિત નોંધ રાખવાનું ઉપયોગી નીવડી શકે. પરંતુ જો તમે પાંચ કે વધારે લોકોને કામ પર રાખ્યાં હોય તો તમારા મૂલ્યાંકનમાં જાણવા મળેલી અગત્યની બાબતોની તમારે નોંધ કરવી જરૂરી છે. એટલે કે મહત્વના ખતરા અને તારણો લખી લેવાનાં રહેશે. તમારાં સંશોધનો વિશે તમારે તમારાં કામદારોને પણ જાણ કરવી જરૂરી છે. જોખમનાં મૂલ્યાંકનો યોગ્ય અને પૂરતા પ્રમાણમાં હોવાં જરૂરી છે. તમે એ બતાવી શકવાં જોઈએ કેઃ

- યોગ્ય રીતે તપાસ કરવામાં આવી હતી
- કોને અસર થઈ શકે તેમ છે તેની તમે પૂછપરછ કરી હતી
- તમે લોકોની સંખ્યાને ધ્યાનમાં રાખીને બધા જ મહત્વના દેખીતા ખતરા અંગે કાર્યવાહી કરી હતી
- લેવામાં આવેલાં સાવચેતીનાં પગલાં વાજબી છે અને બાકી રહેલું જોખમ ઓછું છે.
- ભવિષ્યના સંદર્ભ કે ઉપયોગ માટે લેખિત નોંધ રાખો.

**પગલું 5 - તમારા મૂલ્યાંકનનું પુનઃઅવલોકન કરો અને જરૂર લાગે તો તેમાં સુધારા કરો**

વહેલા મોડા તમે નવાં મશીનો, પદાર્થો અને કાર્યપદ્ધતિઓ લાવશો જે કદાચ નવા ખતરા ઊભા કરે. જો કોઈ મોટો મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો હોય, તો નવા ખતરાને ધ્યાનમાં લેવા માટે મૂલ્યાંકનમાં ઉમેરો કરો. દરેક નાના નાના ફેરફાર માટે, અથવા તો દરેક નવા કામ માટે, તમારું મૂલ્યાંકન બદલશો નહિ, પરંતુ જો નવું કામ કરવામાં કોઈ નવો મોટો ખતરો ઊભો થતો હોય તો તમારે તેનો અલગ રીતે વિચાર કરવાનો રહેશે અને જોખમો ઓછાં રાખવા માટે તમારે કરવી જરૂરી હોય તેવી કાર્યવાહીઓ કરવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં, અમુક અમુક સમયે તમારા મૂલ્યાંકનનું પુનઃઅવલોકન કરવાનો વિચાર સારો છે, જેથી લેવામાં આવેલાં સાવચેતીનાં પગલાં હજુ પણ અસરકારકતાથી કામ કરી રહ્યાં છે તેની ખાતરી થઈ શકે.

**લાગતા વળગતાં પ્રકાશનોમાં નીચેનાનો સમાવેશ થાય છે**


L21, Management of health and safety at work, L21, (ISBN 0717624889 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે)

HSG183, Five steps to risk assessment : case studies, (ISBN 0717615804 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે)

- **A guide to risk assessments requirements – મફત પત્રિકા**
- **Five steps to risk assessment – મફત પત્રિકા**